જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧૦ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૨૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઉચાપતઃ– **સમાચાર યાદી નં.૧૭૨૨/૨૦૨૫**

શાહપુરઃ સલીમભાઈ મહંમદભાઈ અગોલીયા (ઉ.વ.૫૪) (રહે. કાજલ પાર્ક સોસાયટી ગલી નંબર–૨ ફતેહવાડી સરખેજ) એ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગુજરાત સમસ્ત મુસ્લીમ ઘાંચી સમાજ અમદાવાદ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા અને સંસ્થાની રોજબરોજની આવક જાવકના હીસાબ રાખતા નુરમહંમદભાઈ કાસમભાઈ મીનાપરા (રહે. કુંભારવાસ બ્રાંચ સ્કુલની બાજુમાં સરખેજ ગામ) એ સને ૨૦૧૬ થી તા.૨૮/૦૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સમસ્ત મુસ્લીમ ઘાંચી સમાજની સંસ્થામાં ખરીદી અંગેના ખોટા વાઉચરો બનાવી કુલ રૂપિયા ૩૯,૦૦,૦૦૦/– ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૨૩/૨૦૨૫**

સરખેજઃ વેજલપુર વિસ્તારમાં રહેલી યુવતીએ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુવતી તા.૧૨/૧૧/૨૦૨૫ સાંજના ૦૬/૩૦ વાગ્યાના સુમારે સરખેજ મકરબા ઔડા ગાર્ડનની બહાર એક્ટીવા પાર્ક કરી ઔડા ગાર્ડન ખાતે ચાલવા ગયા હતા દરમ્યાન એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– તથા અલગ–અલગ બેન્કના એ.ટી.એમ.કાર્ડ તેમજ જરૂરી દસ્તાવેજ હતા. જે પર્સમાં રાખેલ એ.ટી.એમ.કાર્ડ પૈકી બે એ.ટી.એમ.કાર્ડ થી રૂપિયા ૬૫,૦૦૦/– ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.ચૌહણ ચલાવે છે.

નારણપુરાઃ અલ્પેશભાઈ પ્રવિણભાઈ સુખડીયા (ઉ.વ.૪૭) (રહે.તેજ એપાર્ટમેન્ટ સાબરમતી) તા.૦૬/૧૨/૨૦૨૫ સાંજના ૦૬/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા ફાટક પાસે કપિલકુંજ સોસાયટીના ગેટ નંબર-૧ સામેથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ મોટર સાયકલ પોતાની કારને અથડાવી અલ્પેશભાઈ સુખડીયા સાથે બોલાચાલી કરી નજર ચુકવી કારમાંથી થેલો ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે થેલામાં રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ અલ્પેશભાઈ સુખડીયાએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.યુ.તરાલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૨૪/૨૦૨૫**

રામોલઃ રામોલ રોડ જનતાનગર મ્યુ.સ્કુલ પાસે બંધ ગોડાઉનની ઓરડીમાં રહેતા મો.અશરફ સ/ઓ મો.નઇમ મો.રઙ્કબઅલી શાહ (ઉ.વ.૩૦) (મુળ વતન. પાલપુર તકીયા પોસ્ટ-સિન્દીયાર્વા જગદીશપુર જી-અમેઠી ઉત્તરપ્રદેશ) નાઓએ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યાથી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી